મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G T NEWS ગરવી તાકાત LIVE

૧૮-૦૭-૨૦૨૬ શનિવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૯૧

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

## વિજાપુરમાં અકસ્માતનો ખૌફનાક ખેલઃ પતિને રસ્તામાંથી હટાવવા પત્ની અને પુત્રીએ જ રચી હતી મર્ડરની ફિલ્મી સાજિશ

# વિજાપુર પોલીસે ઉકેલ્યો 'હિટ એન્ડ રન'નો ભેદ: પૈસાની લાલચ આપી ભત્રીજા પાસે કરાવી મોતની ટક્કર, ત્રણેય આરોપી જેલના સળિયા પાછળ

### મેડિકલ સ્ટોર સંચાલક વિનોદભાઈ પટેલની હત્યા માટે પુત્રીએ જ આપ્યું હતું લોકેશન, તપાસમાં બહાર આવી રુંવાડા ઉભા કરી દે તેવી વિગતો







વિજાપુર પોલીસ સ્ટેશન હેઠળ અકસ્માત તરીકે નોંધાયેલા એક બનાવની તપાસમાં એવું સત્ય બહાર આવ્યું છે કે જેને જાણીને સમગ્ર ઉત્તર ગુજરાત ચોંકી ઉઠ્યું છે. જે ઘટનાને સામાન્ય 'હિટ એન્ડ રન' કેસ ગણવામાં આવતી હતી, તે હકીકતમાં એક સુનિયોજિત અને ક્રૂર હત્યાનું કાવતરું નીકળ્યું છે. પત્ની અને પુત્રીએ પોતાના જ પરિવારના મોભીને રસ્તામાંથી હટાવવા માટે જે રીતે પ્લાનિંગ કર્યું હતું, તે કોઈ ક્રાઈમ થ્રિલર ફિલ્મને પણ ટક્કર આપે તેવું છે.

ગત ૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વિજાપુર વિસ્તારમાં એક એક્ટિવા ચાલક વિનોદભાઈ પટેલનું અકસ્માતે મોત થયાની ફરિયાદ નોંધાઈ હતી. ભારતીય ન્યાય સંહિતા અને એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી વિજાપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર આર.જે. ચૌહાણ અને તેમની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસને શરૂઆતથી જ આ અકસ્માત શંકાસ્પદ લાગતા સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સેલ અને હ્યુમન સોર્સના આધારે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તપાસમાં એક સફેદ કલરની નંબર પ્લેટ વગરની બ્રેઝા ગાડી શંકાના દાયરામાં આવી હતી.

તપાસ દરમિયાન એક સાક્ષીએ પોલીસ સમક્ષ આવીને આખા ઘટનાક્રમ પરથી પડદો ઉઠાવ્યો હતો. સાક્ષીએ જણાવ્યું કે, આરોપી વિમલ પટેલે તેને સીસીટીવી ફિટિંગના બહાને પોતાની ગાડીમાં બેસાડીને આનંદપુરા તરફ લઈ ગયો હતો. સાઈટ પર જવાને બદલે વિમલે ખૂબ જ ચતુરાઈથી એક્ટિવા ચાલક વિનોદભાઈને પાછળથી ટક્કર મારી દીધી હતી અને ગાડી ઊભી રાખ્યા વગર ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ નિવેદન બાદ પોલીસે વિમલને દબોચી લીધો હતો.

પોલીસની કડક પૂછપરછમાં વિમલ પટેલે કબુલાત કરી હતી કે આ કોઈ અકસ્માત નહોતો, પરંતુ તેની માસી રીટાબેન પટેલ અને માસીની દીકરી શ્રદ્ધાબેન પટેલ દ્વારા સોંપવામાં આવેલું કામ હતું. વિમલે જણાવ્યું કે, મૃતક વિનોદભાઈ પટેલ પોતાની પત્ની પર શંકા રાખી અવારનવાર મારઝૂડ કરતા હોવાથી પત્ની રીટાબેન અને પુત્રી શ્રદ્ધાબેન તેમનાથી કંટાળી ગયા હતા. તેમને રસ્તામાંથી હટાવવા માટે તેમણે વિમલને પૈસાની લાલચ આપી હતી અને તમામ કાયદાકીય જવાબદારી પોતાની માથે લેવાની ખાતરી આપી હતી.

આ હત્યાના કાવતરામાં પુત્રી શ્રદ્ધાબેને પિતાની મુવમેન્ટ પર ખાસ નજર રાખી હતી. વિનોદભાઈ વિજાપુર રામમંદિર પાસે મેડિકલ સ્ટોર ચલાવતા હોવાથી, તેમની દરેક હિલચાલની માહિતી શ્રદ્ધાબેન સતત ફોન દ્વારા વિમલને આપતી હતી. બનાવના દિવસે પણ જેવું વિનોદભાઈએ એક્ટિવા લીધું, કે તરત જ શ્રદ્ધાબેને વિમલને લોકેશન આપ્યું હતું. આ પ્લાન મુજબ જ આનંદપુરા ચોકડી નજીક વિમલે પોતાની બ્રેઝા ગાડીથી તેમને ટક્કર મારીને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

વિજાપુર પોલીસે અત્યંત કોઠાસૂઝ અને ટેકનિકલ ટીમના સહયોગથી ગણતરીના દિવસોમાં જ આ અંધારામાં રહેલી 'મર્ડર મિસ્ટ્રી' ઉકેલી નાખી છે. પોલીસે આ કેસમાં મુખ્ય આરોપી વિમલકુમાર રોહિતભાઈ પટેલ, રીટાબેન વિનોદભાઈ પટેલ અને શ્રદ્ધાબેન સાગરકુમાર પટેલની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ ત્વરિત કામગીરીને લઈને વિસ્તારમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

# મહેસાણામાં કાળમુખા ટ્રેલરનો કાળો કેરઃ મગુના શાળાએ જઈ રહેલાં મહિલા શિક્ષિકાનું ટાયર નીચે કચડાઈ જતાં કરુણ મોત







મહેસાણાના પાંચોટ બાયપાસ સર્કલ નજીક આજે સવારે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. રોજિંદા ક્રમ મુજબ પોતાની ફરજ પર શિક્ષણ કાર્ય માટે જઈ રહેલાં એક પ્રાથમિક શાળાના મહિલા શિક્ષિકાને બેફામ ગતિએ આવી રહેલા એક ટ્રેલરે કચડી નાખતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ભયાનક અકસ્માતમાં શિક્ષિકાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મૃતક મહિલા શિક્ષિકાની ઓળખ અસ્મિતાબેન પટેલ તરીકે થઈ છે, જેઓ મહેસાણા તાલુકાની મગુના સરકારી પ્રાથમિક શાળામાં પોતાની ફરજ બજાવતા હતા. આજે વહેલી સવારે તેઓ પોતાના ઘરેથી નિત્યક્રમ મુજબ શિક્ષણકાર્ય માટે મગુના જવા નીકળ્યા હતા. તેઓ પોતાનું મોપેડ (GJ-02-EF-3264) લઈને જઈ રહ્યા હતા ત્યારે પાંચોટ બાયપાસ સર્કલ પાસે આ અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાંચોટ બાયપાસ સર્કલ પાસેથી પસાર થતી વખતે પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલા એક ટ્રેલર ચાલકે અસ્મિતાબેનના મોપેડને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે અસ્મિતાબેન રોડ પર ફેંકાયા હતા અને ટ્રેલરના તોતિંગ ટાયર તેમના શરીર પરથી ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ચાલક માનવતા નેવે મૂકીને પોતાનું ટ્રેલર રસ્તા પર જ મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું. બનાવની જાણ થતાં જ મહેસાણા તાલુકા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

શિક્ષિકાના અકાળે અવસાનથી મગુના પ્રાથમિક શાળાના સ્ટાફ અને પરિવારજનોમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.મહેસાણા તાલુકા પોલીસે આ મામલે ગુનો નોંધીને ફરાર થયેલા ટ્રેલર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપી ચાલકની ઓળખ મેળવવા અને તેને વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલવા કવાયત શરૂ કરી દીધી છે. એક શિક્ષિકાના આ પ્રકારના અકાળે મોતથી સમગ્ર શિક્ષણ જગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## 'વિકસિત મહેસાણા'ના લક્ષ્ય સાથે ભાજપનો મેગા પ્લાનઃ સર્કિટ હાઉસ ખાતે પ્રભારી મંત્રી પ્રવીણ માળીની અધ્યક્ષતામાં યોજાઈ સંકલન બેઠક



મહેસાણા જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગવંતો બનાવવાના મકસદ સાથે આજે મહેસાણા સર્કિટ હાઉસ ખાતે ભારતીય જનતા પાર્ટીની એક અત્યંત મહત્વપૂર્ણ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના પ્રભારી મંત્રી પ્રવીણ માળીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મહેસાણાના સાંસદ, ધારાસભ્યો અને પક્ષના વરિષ્ઠ હોદ્દેદારોએ હાજરી આપી હતી. સંકલન બેઠક બાદ, પદાધિકારીઓ સાથેની આ બેઠક દ્વારા પક્ષની આગામી વિકાસલક્ષી દિશા સ્પષ્ટ કરવામાં આવી હતી.

બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય સરકારના 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને મહેસાણા જિલ્લામાં સાકાર કરવાનો હતો. જિલ્લામાં ચાલી રહેલા વિવિધ સરકારી વિકાસ કાર્યો અને પ્રકલ્પોની મંત્રી પ્રવીણ માળીએ ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તમામ વિકાસ કાર્યો નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થાય અને તેમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન થાય તે બાબત પર મંત્રીએ વિશેષ ભાર મૂક્યો હતો. પંચાયતથી લઈને મહાનગરપાલિકા સુધીના તમામ સ્તરના કામોમાં કેવી રીતે ગતિ લાવી શકાય, તે અંગે ઉપસ્થિત હોદ્દેદારો સાથે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

માત્ર વિકાસ કાર્યોની સમીક્ષા જ નહીં, પરંતુ પક્ષના આંતરિક તાલમેલ અને જનપ્રશ્નોના ઉકેલ માટે પણ આ બેઠક ખૂબ જ મહત્વની સાબિત થઈ હતી. મહાનગરપાલિકા, નગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો અને સભ્યોને મંત્રીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, પ્રજાના કામોમાં જરા પણ વિલંબ ન થવો જોઈએ. પક્ષના કાર્યકરો અને જનપ્રતિનિધિઓને લોકો વચ્ચે જતી વખતે આવતી મુશ્કેલીઓ સાંભળીને, સરકાર સાથે યોગ્ય સંકલન સાધીને પ્રશ્નોનો વહેલી તકે સુખદ ઉકેલ લાવવા માટે તેમણે સૂચના આપી હતી.

મીડિયા સાથે વાતચીત કરતા પ્રભારી મંત્રી પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, ×આજે મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેની બેઠક ખૂબ જ ફળદાયી રહી છે. અમારો મુખ્ય હેતુ વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવવાનો છે. જનપ્રતિનિધિઓ પ્રજાની નજીક હોય છે, તેથી તેમને પડતી મુશ્કેલીઓનું નિવારણ લાવવું અને સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવી તે અમારી પ્રાથમિકતા છે.×

આ બેઠકમાં આગામી દિવસોમાં લેવાના થનારા વિવિધ નિર્ણયો અને કાર્યક્રમો અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી, જેનાથી મહેસાણા જિલ્લાના વિકાસને નવી ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## કડીમાં રમતગમતના ઝઘડામાં પાડોશી દંપતીએ સ્ટોર સંચાલક પર કર્યો જીવલેણ હુમલો

કડીના મલ્હારપુરા વિસ્તારમાં બાળકોની રમતગમત જેવી સામાન્ય બાબતે થયેલો વિવાદ એટલો ઉગ્ર બન્યો કે તેણે હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું. પાડોશમાં રહેતા એક દંપતીએ પોતાની સત્તાનો દુરુપયોગ કરી પ્રોવિઝન સ્ટોરના સંચાલક પર લોખંડની પાઈપ વડે જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. લોહીલુહાણ હાલતમાં વેપારીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

મળતી વિગત મુજબ, મંગળવારે સાંજે મલ્હારપુરામાં રહેતા વિષ્ણુભાઈ અંબાલાલ પ્રજાપતિનો ૧૦ વર્ષીય પુત્ર જોઈન ઘરની બહાર ક્રિકેટ રમી રહ્યો હતો. આ સમયે પાડોશમાં રહેતા વસીમ જાનમહંમદ કલાલની પુત્રી સાથે સ્ટેમ્પ પાડી દેવા જેવી નજીવી બાબતે બાળકો વચ્ચે બોલાચાલી થઈ હતી. વિષ્ણુભાઈએ સમજાવટથી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વસીમની પત્ની કાયનાતબાનુએ ત્યાં આવીને વિષ્ણુભાઈ સાથે ગેરવર્તણૂક કરી અને અભદ્ર ભાષાનો પ્રયોગ કરી ઝઘડો શરૂ કર્યો હતો.

આ ઘટનાના બે દિવસ બાદ, ગુરુવારે સાંજે આ તકરાર ઉગ્ર બની ગઈ હતી. વસીમ જાનમહંમદ કલાલ હાથમાં લોખંડની પાઈપ લઈને આવ્યો અને ઘરની બહાર ઉભેલા વિષ્ણુભાઈ પર અચાનક તૂટી પડ્યો હતો. ઉશ્કેરાયેલા વસીમે વિષ્ણુભાઈના માથાના ભાગે અને હાથ પર પાઈપના આડેધડ ઘા ઝીંક્યા હતા. અચાનક થયેલા આ હુમલા થી વિષ્ણુભાઈ લોહી લુહાણ થઈ ગયા હતા.

પતિ પર હુમલો થતો જોઈને વિષ્ણુભાઈની પત્ની રેખાબેન અને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને હુમલાખોરને રોકવાનો પ્રયાસ કર્યો હતો. લોકોના ટોળા ભેગા થઈ જતાં વસીમ ત્યાંથી ભાગી છૂટ્યો હતો, પરંતુ જતાં-જતાં તેણે વિષ્ણુભાઈને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી.

ઈજાગ્રસ્ત વિષ્ણુભાઈને તાત્કાલિક કડીની ભાગ્યોદય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ તેમના માથાના ગંભીર ઘા પર ટાંકા લીધા હતા. તબીબી તપાસમાં જાણવા મળ્યું છે કે આ હુમલામાં તેમના જમણા હાથની આંગળીમાં ફ્રેક્ચર પણ થયું છે.

આ સમગ્ર મામલે વિષ્ણુભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે કડી પોલીસે વસીમ જાનમહંમદ કલાલ અને તેની પત્ની કાયનાતબાનુ વસીમભાઈ કલાલ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને જી.પી.એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસ સબ ઈન્સપેક્ટર વિશાલસિંહ રાઠવા આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે. વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે.

## ફરી એકવાર સરકારી ખર્ચને લઈને ચર્ચા

# મહેસાણા મનપામાં ચા-નાસ્તાના ખર્ચે મચાવ્યો વિવાદ

### ૫ લાખના અંદાજિત બજેટ સામે કુલ ૧૧.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું સામે આવતાં વિવાદ સર્જાયો

મહેસાણા,તા.૧૭

મહેસાણા મહાનગરપાલિકા (મનપા) ફરી એકવાર સરકારી ખર્ચને લઈને ચર્ચામાં આવી છે. વિવિધ સરકારી કાર્યક્રમોમાં ચા, નાસ્તા અને ભોજન માટે ૫ લાખના અંદાજિત બજેટ સામે કુલ ૧૧.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું સામે આવતાં વિવાદ સર્જાયો છે. બજેટ કરતાં બમણાથી વધુ ખર્ચના મુદ્દે રાજકીય વર્તુળો અને સ્થાનિક નાગરિકોમાં અનેક સવાલો ઊભા થયા છે.મળતી માહિતી મુજબ, મનપાએ શરૂઆતમાં આ ખર્ચ માટે અંદાજે ૫ લાખનું બજેટ નક્કી કર્યું હતું. જોકે, વિવિધ કાર્યક્રમો દરમિયાન વધારાનો ખર્ચ થતાં કુલ ખર્ચ ૧૧,૧૮,૫૦૦ સુધી પહોંચી ગયો હતો. એટલે કે મંજૂર બજેટ કરતાં અંદાજે ૬ લાખથી વધુ રકમ ખર્ચાઈ હોવાનું દસ્તાવેજોમાં દર્શાવવામાં આવ્યું છે.

આ મુદ્દે મીડિયા અહેવાલો સામે આવ્યા બાદ મનપા તંત્રએ સમગ્ર ખર્ચની વિગતો જાહેર કરી છે. તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલી યાદીમાં જૂન ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા વિવિધ સરકારી કાર્યક્રમોમાં થયેલા ચા, નાસ્તા અને ભોજનના ખર્ચની વિગત આપવામાં આવી છે.

જાહેર કરાયેલા હિસાબ મુજબ, છેલ્લા ૧૦ મહિનામાં યોજાયેલા વિવિધ કાર્યક્રમો, બેઠકો અને સરકારી પ્રસંગોમાં મહેમાનો તથા અધિકારીઓ માટે ચા-નાસ્તા અને ભોજનની વ્યવસ્થા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ ખર્ચ અંગેના આંકડા જાહેર થતાં હવે ખર્ચની યોગ્યતા અને મંજૂરીની પ્રક્રિયા અંગે ચર્ચા શરૂ થઈ છે.

વિપક્ષ અને સ્થાનિક નાગરિકોનો પ્રશ્ન છે કે જ્યારે શહેરમાં અનેક પ્રાથમિક સુવિધાઓ માટે નાણાંની જરૂરિયાત રહેતી હોય ત્યારે ચા-નાસ્તા અને ભોજન માટે આટલો મોટો ખર્ચ શા માટે કરવામાં આવ્યો. બજેટ કરતાં બમણાથી વધુ ખર્ચ કરવાની મંજૂરી કોના દ્વારા આપવામાં આવી અને તે માટે કઈ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી, તે અંગે પણ સ્પષ્ટતા કરવાની માંગ ઉઠી રહી છે.

મનપા તંત્રનું કહેવું છે કે ખર્ચની વિગતો પારદર્શક રીતે જાહેર કરવામાં આવી છે. જોકે, સમગ્ર મામલે રાજકીય ચર્ચા ગરમાઈ છે અને આગામી દિવસોમાં આ મુદ્દે વધુ પ્રશ્નો ઊભા થાય તેવી શક્યતા છે. હવે સૌની નજર એ તરફ છે કે વધારાના ખર્ચ અંગે તંત્ર કોઈ સ્પષ્ટીકરણ આપે છે કે નહીં અને આ મામલે આગળ કોઈ વહીવટી કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ.

# બનાસકાંઠામાં આધેડના અપહરણ અને મારપીટ કેસમાં ત્રણ આરોપીઓ ઝડપાયા

### ૧૦થી ૧૨ શખ્સો સામે અપહરણ, રમખાણ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો

બનાસકાંઠા,તા.૧૭

બનાસકાંઠા જિલ્લામાં આધેડ વ્યક્તિના અપહરણ અને મારપીટના ચકચારી કેસમાં પોલીસે મહત્વની સફળતા મેળવી છે. ઘટનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓની ધરપકડ કરીને પોલીસે ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન (પુનઃ નિર્માણ) કરાવ્યું છે. આ કેસમાં કુલ ૧૦થી ૧૨ શખ્સો સામે અપહરણ, રમખાણ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો છે. બાકીના ફરાર આરોપીઓને ઝડપવા માટે પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા સઘન તપાસ અને શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પાટણ જિલ્લાના દાદર ગામના રહેવાસી અજમલભાઈ પાનાભાઈ ચૌધરીનું ૧૧ જુલાઈના રોજ કેટલાક શખ્સોએ કથિત રીતે અપહરણ કર્યું હતું. આરોપીઓ તેમને જાગીરમઠ વિસ્તારમાં લઈ ગયા હતા, જ્યાં તેમની સાથે મારપીટ કરવામાં આવી હોવાના આક્ષેપો છે. ઘટનાની જાણ થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, ત્યારબાદ સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતોના આધારે પોલીસે અપહરણ, રમખાણ અને અન્ય સંબંધિત ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે ત્રણ મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તેમની પૂછપરછ બાદ પોલીસ તેમને ઘટનાસ્થળે લઈ ગઈ હતી, જ્યાં ગુનાને કેવી રીતે અંજામ આપવામાં આવ્યો હતો તે અંગે ઘટનાનું પુનઃનિર્માણ કરાવવામાં આવ્યું હતું. આ પ્રક્રિયાથી તપાસમાં મહત્વના પુરાવા અને ઘટનાક્રમની વિગતો મેળવવામાં પોલીસને મદદ મળી રહી છે.

પોલીસે જણાવ્યું છે કે કેસમાં હજુ પણ ૭થી ૯ જેટલા આરોપીઓ ફરાર છે. તેમની ઓળખ અને સંડોવણી અંગે મળતી માહિતીના આધારે વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. પકડાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન ઘટનાનું કારણ, અન્ય સાગરિતોની ભૂમિકા અને સમગ્ર ષડયંત્ર અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે કાયદો હાથમાં લેનાર કોઈપણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે. તમામ આરોપીઓને ઝડપીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ કેસમાં જરૂરી પુરાવા એકત્રિત કરીને મજબૂત ચાર્જશીટ દાખલ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

આ ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી છે. પોલીસે લોકોને અફવાઓથી દૂર રહેવા અને તપાસમાં સહકાર આપવા અપીલ કરી છે. અધિકારીઓનું કહેવું છે કે ટૂંક સમયમાં જ બાકીના ફરાર આરોપીઓને પણ ઝડપી લઈને સમગ્ર કેસનો ભેદ ઉકેલવામાં આવશે.

# પાટણના ગદોસણ ગામે યુવતીને ભગાડી જવાની અદાવતમાં લોહિયાળ જંગઃ ૮ લોકો ઘાયલ



પાટણ તાલુકાના ગદોસણ ગામે એક યુવતીને ભગાડી જવાની ઘટનાને પગલે સર્જાયેલા પારિવારિક વિવાદે હિંસક વળાંક લેતા ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, ગત ૧૫ જુલાઈની રાત્રિના સમયે ગામના મોહલ્લામાં બે પક્ષો સામસામે આવી ગયા હતા અને આ મામલો એટલો ઉગ્ર બન્યો હતો કે બંને તરફથી લાકડી, ધારીયા અને ધોકા જેવા ઘાતક હથિયારોનો બેફામ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ આકસ્મિક હિંસક અથડામણમાં બંને પક્ષના મળીને કુલ ૮ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે ધારપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી.

આ સમગ્ર વિવાદની શરૂઆત રોહિત ઈશ્વર ઠાકોર દ્વારા ગામની જ એક યુવતીને ભગાડી જવાની ઘટનાથી થઈ હતી. પ્રથમ પક્ષના વેલા સોમા ઠાકોરે નોંધાવેલી ફરિયાદ અનુસાર, આ બાબતનું મનદુઃખ રાખીને સામે પક્ષના લોકો લાકડી અને ધારીયા સાથે તેમના ઘરે ધસી આવ્યા હતા. ફરિયાદીનો આક્ષેપ છે કે દશરથ જુજાર ઠાકોર, વિષ્ણુ જુજાર ઠાકોર, ભૂપત બબા ઠાકોર, દેવા કુવર ઠાકોર અને ભલા પરબત ઠાકોરે ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. જેમાં આરોપીઓએ સોમા ખોડાને પગે ઈજા પહોંચાડી હતી, બાલુબેન સોમાના માથામાં ધારીયું મારી ગંભીર ઘા કર્યા હતા, તેમજ અન્ય સભ્યોને પણ ધોકા વડે મારી નાખવાની ધમકી આપી હતી.

બીજી તરફ, સામા પક્ષના દેવા કુવર ઠાકોરે પણ વળતી ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા અનુસાર, તેઓ પોતાની દીકરી કાજલને રોહિત ભગાડી ગયો હોવાથી તે અંગે પૂછપરછ કરવા માટે ગયા હતા. તેમનો દાવો છે કે જ્યારે તેઓ આ બાબતે શાંતિથી વાત કરવા ગયા ત્યારે સામે પક્ષે ઉશ્કેરાઈને હુમલો કર્યો હતો. આ વળતી ફરિયાદમાં વેલા સોમા ઠાકોર, મહેશ ભરત ઠાકોર અને બાલુબેન સોમા ઠાકોર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ફરિયાદ મુજબ, વેલા ઠાકોરે દશરથને માથામાં ધોકો માર્યો હતો, મહેશે દેવાને કપાળ અને હાથ પર ઈજા પહોંચાડી હતી, તથા બાલુબેને રાધાબેનને કમરના ભાગે ધોકા વડે ઈજા પહોંચાડી હતી.

આ હિંસક મારામારીને કારણે ગદોસણ ગામના મોહલ્લામાં ભારે અફરાતફરી અને ડરનો માહોલ છવાઈ ગયો હતો. બનાવની જાણ થતા જ આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ધારપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ગંભીર ઘટનાની નોંધ લેતા પાટણ તાલુકા પોલીસે બંને પક્ષોની સામસામે મળેલી ફરિયાદોના આધારે કુલ ૮ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસ) ની વિવિધ કલમો જેવી કે ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તેમજ જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. હાલમાં પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવાની પ્રક્રિયા સાથે ગામમાં શાંતિ જાળવવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# અંબાજીમાં વેપારી પર હુમલોઃ ૭ આરોપીઓના રિમાન્ડ મંજૂર, પોલીસે કર્યું રિકન્સ્ટ્રક્શન

યાત્રાધામ અંબાજીમાં વેપારી મુરારી અગ્રવાલને નિશાન બનાવી કરવામાં આવેલા જીવલેણ હુમલા અને લૂંટના ચકચારી કેસમાં અંબાજી પોલીસે વધુ એક મહત્વનું પગલું ભર્યું છે. આ ગુનાના મુખ્ય સૂત્રધાર હેમંત દવે સહિત કુલ ૭ આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. કોર્ટે તમામ આરોપીઓના ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે, જે બાદ આજે પોલીસે ઘટનાનું સ્થળ પર જઈને રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.



પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ગત ૧૫મી તારીખે અંબાજીના હેમંત દવેએ વેપારી મુરારી અગ્રવાલને જાનથી મારી નાખવાના ઈરાદે બહારથી ગુંડાઓને બોલાવી એક ખતરનાક પ્લાન ઘડ્યો હતો. પૂર્વ આયોજિત કાવતરા મુજબ, હુમલાખોરોએ વેપારી પર અચાનક હુમલો કરી તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ દરમિયાન આરોપીઓએ વેપારીના ખિસ્સામાંથી ૧૦,૦૦૦ રૂપિયા રોકડા લૂંટી લીધા હતા અને ત્યારબાદ વરના કારમાં બેસીને ફરાર થઈ ગયા હતા.

ઘટના બાદ વેપારી મુરારી અગ્રવાલે તાત્કાલિક અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ બનાસકાંઠા પોલીસ તંત્ર સતર્ક બન્યું હતું. અંબાજી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી ગણતરીના કલાકોમાં જ તમામ ૭ આરોપીઓને ઝડપી પાડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. તપાસને વધુ મજબૂત બનાવવા માટે આજે, ૧૭મી તારીખે અંબાજી પોલીસે ઘટનાસ્થળે ૬ આરોપીઓને હાજર રાખ્યા હતા. પોલીસની હાજરીમાં આરોપીઓએ કેવી રીતે હુમલો કર્યો અને કઈ રીતે લૂંટને અંજામ આપ્યો તેનું સ્થળ પર જ રિકન્સ્ટ્રક્શન (ઘટનાક્રમનું પુનરાવર્તન) કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દ્વારા પોલીસે ગુનાના પુરાવા એકત્રિત કરવાની કવાયત હાથ ધરી છે. આ ઘટનાએ અંબાજી પંથકમાં ભારે ચકચાર જગાવી દીધી છે.

# એશિયાના સૌથી મોટા મસાલા માર્કેટ ઊંઝામાં 'FISS' ની અત્યાધુનિક ઓફિસનું ભવ્ય ઉદ્ઘાટન

ગુજરાત અને સમગ્ર એશિયાના સૌથી મોટા મસાલા માર્કેટ તરીકે વૈશ્વિક સ્તરે ખ્યાતિ ધરાવતા ઊંઝા ખાતે 'ફેડરેશન ઓફ ઈન્ડિયન સ્પાઈસ સ્ટેકહોલ્ડર્સ' (FISS) ની નવી અદ્યતન અને આધુનિક ઓફિસનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વિસનગર રોડ પર આવેલા શુકિન સ્કવેરમાં કાર્યરત થયેલી આ અત્યાધુનિક ઓફિસ આગામી સમયમાં ભારતીય મસાલા ઉદ્યોગના વિકાસ અને વેપારીઓના પરસ્પર સહયોગ માટે એક મજબૂત સેતુ સાબિત થશે.

આ ગરિમામય પ્રસંગે સ્પાઈસ બોર્ડના ચેરપર્સન સંગીતા વિશ્વનાથન મુખ્ય અતિથિ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે રિબન કાપીને ઓફિસનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે કાર્યક્રમમાં મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય કિરીટભાઈ પટેલ તેમજ ઊંઝા APMC ના ચેરમેન દિનેશભાઈ પટેલ પણ વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય વિધિ સાથે કરવામાં આવી હતી, જેમાં સ્પાઈસ બોર્ડના સભ્ય નિલેશભાઈ પટેલ, FISS ના ફાઉન્ડર ચેરમેન અશ્વિનભાઈ નાયક અને ચેરમેન તેજસભાઈ ગાંધી સહિત મસાલા વેપાર જગતના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમ દરમિયાન સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, ×મસાલા એ ભારતની સમૃદ્ધિ અને સુખાકારીનો ભવ્ય વારસો છે. આ નવી ઓફિસના માધ્યમથી મસાલા ઉદ્યોગ સાથે જોડાયેલા તમામ હિતધારકો, ખેડૂતો, વેપારીઓ અને નિકાસકારોને એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. ભારતીય મસાલાની સુવાસને વિશ્વના ખૂણે-ખૂણા સુધી પહોંચાડવા અને સમગ્ર વેલ્યુ ચેઈનને વધુ સુદ્રઢ કરવા માટે સામૂહિક પ્રયાસો હાથ ધરવામાં આવશે.×

ઉદ્ઘાટન બાદ યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ભારતીય મસાલાના નિકાસ દરમાં વધારો કરવા, ગુણવત્તા નિયંત્રણના ધોરણો સુધારવા અને ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળી રહે તે દિશામાં વિસ્તૃત પરામર્શ કર્યો હતો. ઊંઝાના વેપાર જગત માટે આ નવું સોપાન વિકાસની નવી ઊંચાઈઓ સર કરાવનારું બની રહેશે.

# જુનાડીસામાં ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે યુવાનની ભૂખ હડતાળ યથાવત




ડીસા તાલુકાના જુનાડીસા ગામમાં છેલ્લા ઘણા સમયથી ગ્રામ પંચાયતના વિકાસ કાર્યોમાં થયેલા કથિત ભ્રષ્ટાચારનો મુદ્દો ફરી એકવાર જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે. ગામના જાગૃત યુવાન અને સામાજિક કાર્યકર વસીમ ચાવડા છેલ્લા છ દિવસથી ફરી એકવાર ભૂખ હડતાળ પર ઉતરીને તંત્ર સામે મોરચો માંડ્યો છે. વસીમ ચાવડાનો સ્પષ્ટ આક્ષેપ છે કે ગ્રામ પંચાયતમાં છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન થયેલા વિકાસના કામોમાં મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી છે. આ ગેરરીતિઓની તપાસ અને તમામ વિકાસ કાર્યોનો લેખિત હિસાબ મેળવવા માટે તેઓ સતત સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ તંત્રની ઉદાસીનતાને કારણે મામલો વધુ ગંભીર બન્યો છે.

આ સમગ્ર વિવાદની પૃષ્ઠભૂમિ જોઈએ તો, લગભગ એક મહિના અગાઉ પણ વસીમ ચાવડાએ આ જ માંગણીઓ સાથે ભૂખ હડતાળનું આયોજન કર્યું હતું. તે સમયે વહીવટી તંત્ર દ્વારા તેમની સાથે સંવાદ કરવામાં આવ્યો હતો અને તમામ વિકાસ કામોનો પારદર્શક હિસાબ અને જરૂરી વિગતો આગામી સમયમાં પૂરી પાડવાની ખાતરી આપવામાં આવી હતી. તંત્રના આશ્વાસન બાદ તેમણે આંદોલન સમેટી લીધું હતું, પરંતુ એક મહિનાનો લાંબો સમય વીતી જવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની સંતોષકારક વિગતો કે હિસાબ આપવામાં આવ્યો નથી. આ વાયદાખિલાફીથી રોષે ભરાયેલા યુવાને ફરી એકવાર આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

વસીમ ચાવડાએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી છેલ્લા ૧૫ વર્ષના કામોનો સંપૂર્ણ, લેખિત અને પારદર્શક હિસાબ તેમને સોંપવામાં નહીં આવે, ત્યાં સુધી તેમનું આંદોલન કોઈ પણ સંજોગોમાં પાછું ખેંચવામાં આવશે નહીં. આ આંદોલનના છ દિવસ પૂર્ણ થઈ ગયા હોવા છતાં, તંત્રના જવાબદાર અધિકારીઓમાંથી કોઈએ પણ હજુ સુધી સ્થળની મુલાકાત લેવાની તસ્દી લીધી નથી કે આ બાબતે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નથી. વહીવટી તંત્રની આ પ્રકારની મૌન ધારણ કરવાની નીતિને કારણે ગ્રામજનોમાં પણ ભારે રોષ અને નિરાશાની લાગણી જોવા મળી રહી છે.

હવે જ્યારે આ પ્રશ્ન વધુ જટિલ બની રહ્યો છે, ત્યારે સૌની નજર વહીવટી તંત્રના આગામી પગલા પર ટકેલી છે. શું વહીવટી તંત્ર વસીમ ચાવડાના આક્ષેપોની ગંભીરતાને ધ્યાનમાં લઈને નિષ્પક્ષ તપાસ હાથ ધરશે? અને શું પંચાયતના છેલ્લા ૧૫ વર્ષના કામોનો પારદર્શક હિસાબ જાહેર કરીને આ વિવાદનો સુખદ અંત લાવવામાં આવશે? તે જોવું અત્યંત અનિવાર્ય બન્યું છે. ગામલોકો પણ હવે આ પારદર્શિતાની માંગણી સાથે યુવાનની પડખે ઉભા રહ્યા છે અને તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

# વિસનગરમાં રથયાત્રા દરમિયાન ચોરી કરતી ટોળકી ઝડપાઈ



વિસનગર શહેરમાં આયોજિત પરંપરાગત ૪૬મી જગન્નાથ રથયાત્રામાં ભક્તિમય માહોલ વચ્ચે ચોરીની ઘટનાઓએ ચકચાર જગાવી હતી. રથયાત્રામાં ઉમટેલી વિશાળ ભીડનો લાભ ઉઠાવીને શ્રદ્ધાળુઓના કિંમતી મોબાઈલ અને દાગીનાની ચોરી કરતી એક સક્રિય ગેંગને વિસનગર શહેર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી છે. પોલીસે આરોપીઓની રિક્ષા સાથે કુલ ?૨.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અષાઢી બીજના પવિત્ર દિવસે વિસનગરમાં જગન્નાથ રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં ભક્તો રથયાત્રામાં જોડાયા હતા. આ ભીડનો ગેરફાયદો ઉઠાવીને અસામાજિક તત્વોએ શ્રદ્ધાળુઓના મોબાઈલ ફોન અને પાકીટની ચોરી કરી હતી. રથયાત્રા દરમિયાન અનેક શ્રદ્ધાળુઓએ પોતાના કિંમતી સામાન ગુમાવ્યાની ફરિયાદ મળતા પોલીસ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું.

ચોરીની ઘટનાઓને ગંભીરતાથી લઈને વિસનગર શહેર પી.આઈ. કે.બી. પટેલે તાત્કાલિક ડી-સ્ટાફની ટીમને તપાસ સોંપી હતી. પોલીસની ટીમે બાતમીદારોને સક્રિય કર્યા હતા. તપાસ દરમિયાન પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે, ચોરી કરનાર શખ્સો એક શંકાસ્પદ રિક્ષા (નંબર GJ.08.AX.6577) લઈને શહેરમાં ફરી રહ્યા છે. આ માહિતી મળતા જ ડી-સ્ટાફના એ.એસ.આઈ. ભરતજી, પો.કો. મહેશભાઈ, અલ્પેશભાઈ અને નિકુલભાઈની ટીમે દેણપ ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી.

બાતમી મુજબની શંકાસ્પદ રિક્ષા દેણપ ત્રણ રસ્તા પાસેથી પસાર થતા પોલીસે તેને ચારે બાજુથી કોર્ડન કરીને અટકાવી હતી. રિક્ષામાં સવાર ચાર શખ્સોની કડક પૂછપરછ અને અંગઝડતી લેતા ચોરીનો મોટા પ્રમાણમાં માલસામાન મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ તમામ શખ્સો પાલનપુરના માનસરોવર રોડ પર આવેલા છાપરા વિસ્તારના રહેવાસી છે.

# ગુજરાત એટીએસનો આતંકવાદ વિરોધી મોટો પ્રહારઃ જૈશ-એ-મોહમ્મદના ૫ આતંકીઓ સિદ્ધપુરથી ઝડપાયા



ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા રાજ્યમાં આતંકવાદી ગતિવિધિઓને ડામવા માટે અત્યંત મહત્વપૂર્ણ અને મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પ્રતિબંધિત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' સાથે કથિત રીતે જોડાયેલા પાંચ શંકાસ્પદ આતંકીઓને એટીએસ એ સિદ્ધપુર ખાતેથી ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ ધરપકડ બાદ આતંકી મોડ્યુલના તાર ક્યાં સુધી જોડાયેલા છે તે શોધવા માટે સુરક્ષા એજન્સીઓ કામે લાગી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ એટીએસ દ્વારા આતંકી સંગઠન સાથે સંકળાયેલા આઠ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. આ આઠેય આરોપીઓની સઘન અને કડક પૂછપરછ દરમિયાન પોલીસને પાંચ અન્ય શંકાસ્પદ વ્યક્તિઓના નામ અને આતંકવાદી ગતિવિધિઓની મહત્વની કડીઓ મળી હતી. આ ચોક્કસ ઈનપુટ્સના આધારે એટીએસ ની ટીમે સિદ્ધપુર વિસ્તારમાં દરોડા પાડીને પાંચેય આરોપીઓને દબોચી લીધા હતા.

એટીએસ ની તપાસમાં આ પ્રકરણના ગંભીર પાસાઓ બહાર આવ્યા છે. આરોપીઓ પાસેથી બોમ્બ બનાવવાનું અત્યંત જોખમી અને વાંધાજનક સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે. તપાસ દરમિયાન એવી હકીકત સામે આવી છે કે, મુખ્ય સૂત્રધાર મોહમ્મદ અમીન પાસેથી બોમ્બ બનાવવાની સામગ્રી મળી હતી. આરોપી મહમદ અયુબ કડીવાલાએ આ વિસ્ફોટક સામગ્રીનો ઉપયોગ કરીને ટાઈમ બોમ્બ બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. બાદમાં આ સામગ્રી બિલાલ આબિદ શેખ સુધી પહોંચાડવામાં આવી હતી.

તમામ પાંચ આરોપી ઓને કડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં સરકારી વકીલ પી. આર. દંતાણીએ ૧૩ મહત્વના મુદ્દાઓ રજૂ કરીને રિમાન્ડની માંગણી કરી હતી. સરકારી વકીલે મુખ્યત્વે ટાઈમ બોમ્બ બનાવવાનું મટીરિયલ ક્યાંથી આવ્યું, જેહાદી પુસ્તકોનો સ્રોત શું છે અને દેશવિરોધી પ્રવૃત્તિઓનું ભંડોળ ક્યાંથી આવે છે, તે અંગે તપાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી તમામ ૫ આરોપીના ૮ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

હાલ એટીએસ આ આતંકી નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સ્થાનિક લોકો અને તેમના આગામી લક્ષ્ય વિશે તપાસ તેજ કરી રહી છે. આ ધરપકડને સુરક્ષા એજન્સીઓની એક મોટી સફળતા માનવામાં આવી રહી છે.

**ધરપકડ કરાયેલા આરોપીઓ :**

૧. બિલાલ આબિદભાઈ શેરા
૨. મહંમદ અયુબ કડીવાલા
૩. મોહમ્મદ પાલનપુરી ઉર્ફે ખળી ઐયુબ સુણસરા
૪. શફિઅ રઈસ મુખી
૫. મોહમ્મદહસન હનીફભાઈ કરડીયા

# પર્યાવરણ બચાવવા એનએસએસ વિદ્યાર્થીઓની માંગ, પીઓપી મૂર્તિઓ પર પ્રતિબંધની રજૂઆત





આગામી ગણેશોત્સવ દરમિયાન પર્યાવરણની જાળવણી અને જળ પ્રદૂષણને અટકાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે વડનગર કોલેજના નેશનલ સર્વિસ સ્કીમ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. પર્યાવરણ સંરક્ષણ માટે વિદ્યાર્થીઓએ ચીફ ઓફિસર, મામલતદાર અને વડનગર પોલીસ સ્ટેશનના પીઆઈને લેખિત આવેદનપત્ર પાઠવી પ્લાસ્ટર ઓફ પેરિસ ની મૂર્તિઓના વેચાણ પર કડક પ્રતિબંધ લાદવાની માંગ કરી છે.

આવેદનપત્રમાં વિદ્યાર્થીઓએ ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગણેશોત્સવ દરમિયાન બજારમાં મોટા પ્રમાણમાં ની મૂર્તિઓનું વેચાણ થાય છે. આ મૂર્તિઓના નિર્માણમાં કેમિકલયુક્ત રંગો અને અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે આવી મૂર્તિઓનું જળાશયોમાં વિસર્જન કરવામાં આવે છે, ત્યારે તે પાણી અને જમીનને ભારે નુકસાન પહોંચાડે છે, જે લાંબા ગાળે જીવસૃષ્ટિ માટે ખતરારૂપ સાબિત થાય છે.

વડનગરના યુવાઓએ વહીવટીતંત્રને રજૂઆત કરી છે કે, પર્યાવરણના હિતમાં પીઓપીની મૂર્તિઓના વેચાણ પર તત્કાલ અસરથી પ્રતિબંધ મૂકવો જોઈએ અથવા તેના પર કડક નિયંત્રણો લાવવા જોઈએ. તેની સામે, પર્યાવરણને અનુરૂપ અને પ્રદૂષણમુક્ત એવી માટીની મૂર્તિઓના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવે તેવો આગ્રહ તેમણે રાખ્યો હતો.

આ કાર્યક્રમમાં વડનગર કોલેજના એનએસએસ વિભાગના આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રોફેસર ડૉ. ધરતી જૈનના માર્ગદર્શન હેઠળ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, ઉત્સવો આનંદ અને ઉત્સાહ માટે હોય છે, પ્રદૂષણ ફેલાવવા માટે નહીં. આ પહેલ દ્વારા યુવા પેઢીએ સમાજને 'હરિત અને પ્રદૂષણમુક્ત ઉત્સવ' ઉજવવાનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

યુવાનોની આ કામગીરીને સ્થાનિક લોકો દ્વારા પણ ભારે સરાહના મળી રહી છે. માત્ર આવેદનપત્ર આપીને અટકી જવાને બદલે, આ વિદ્યાર્થીઓએ પર્યાવરણ પ્રત્યે પોતાની સામાજિક જવાબદારી નિભાવીને અન્ય લોકો માટે પણ પ્રેરણા પૂરી પાડી છે. વિદ્યાર્થીઓના આ જનજાગૃતિ અભિયાનને કારણે આગામી ગણેશોત્સવમાં માટીની મૂર્તિઓ તરફ લોકોનું આકર્ષણ વધશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# મહેસાણા જિલ્લાની અનોખી પહેલઃ હવે સરકારી શાળાઓના પુસ્તકાલયો ગ્રામજનો માટે પણ ખુલ્લા મુકાશે





સમગ્ર ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે અવનવા નવતર પ્રયોગો માટે જાણીતા મહેસાણા જિલ્લાએ ફરી એકવાર શિક્ષણ જગતમાં નવો ઈતિહાસ રચવા તરફ કદમ વધાર્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષો પહેલાં ગુજરાતમાં 'વાંચે ગુજરાત' અભિયાન શરૂ કરીને જન-જનને પુસ્તકો અને વાચન સાથે જોડવાનું જે ભગીરથ સ્વપ્ન સેવ્યું હતું, તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરતો એક અભૂતપૂર્વ નિર્ણય મહેસાણા જિલ્લા પંચાયતની સરકારી પ્રાથમિક શાળાઓ દ્વારા લેવામાં આવ્યો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. શરદ ત્રિવેદીના સીધા માર્ગદર્શન અને સબળ નેતૃત્વ હેઠળ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ સત્રથી જ જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં "વાચનથી વિકાસ" કાર્યક્રમનું અત્યંત આયોજનબદ્ધ અને સર્જનાત્મક અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ની ભલામણોને આત્મસાત કરીને સરકારી શાળાઓમાં ઉપલબ્ધ સમૃદ્ધ જ્ઞાનભંડાર એવા પુસ્તકાલયનો મહત્તમ ઉપયોગ થાય તેવું આયોજન કરાયું છે, જેથી બાળકો મુક્ત મને અને કોઈ પણ જાતના ડર વગર પુસ્તકોનો આનંદ માણી શકે.

આ નવતર પ્રકલ્પની સૌથી મોટી અને ગૌરવશાળી બાબત એ છે કે, સમગ્ર રાજ્યમાં માત્ર મહેસાણા જિલ્લાએ જ એક ક્રાંતિકારી પહેલ કરીને શાળાના પુસ્તકાલયોના દ્વાર ગામના ઉત્સાહી નાગરિકો, વાલીઓ અને વાચનપ્રેમી ગ્રામજનો માટે પણ ખુલ્લા મૂકી દીધા છે. શાળામાં ગ્રામજનો માટે એક અલગ 'ઇસ્યુ રજિસ્ટર' બનાવીને પુસ્તકો ઘરે વાંચવા આપવાની વ્યવસ્થા ઊભી કરાઈ છે, જેનાથી ગ્રામ સમુદાય અને શાળા વચ્ચેનું જોડાણ વધુ મજબૂત અને જીવંત બનશે. શાળા કક્ષાએ ધોરણવાર પુસ્તકોનું સુંદર વર્ગીકરણ કરી વર્ગ પુસ્તકાલયો કાર્યરત કરાયા છે. આગામી તારીખ ૨૫ જુલાઈ ૨૦૨૬ના શનિવારના રોજ જિલ્લાની તમામ શાળાઓમાં ભવ્ય 'પુસ્તક પ્રદર્શન' યોજાશે, જેમાં બાળકો પોતાના મનપસંદ પુસ્તકોની નોંધ કરશે અને વર્ગખંડોમાં પોતાના વિચારો વ્યક્ત કરશે.

વિદ્યાર્થીઓમાં વાચન પ્રત્યે રુચિ વધારવા માટે દર શનિવારે 'આનંદદાયી શનિવાર' અંતર્ગત ૪૫ મિનિટનું વિશેષ વાચન રાખવામાં આવશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ દ્વારા વાંચેલા પુસ્તકોનો ટૂંકસાર પ્રાર્થનાસભામાં રજૂ કરતી 'પુસ્તક-સાર' પ્રવૃત્તિ, દૈનિક ડાયરી તરીકે 'વાચનપોથી' તેમજ દર શનિવારે બુલેટિન બોર્ડ પર 'પુસ્તક પરિચય' જેવી અનેક પ્રવૃત્તિઓથી શાળાઓ ગુંજી ઉઠશે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને સંસ્કારોનું સિંચન થાય તે માટે ઓગસ્ટ માસમાં ૧૫મી ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે દેશભક્તોના પાત્રો આધારિત 'માતૃભૂમિ વંદના' અને રક્ષાબંધન નિમિત્તે ભાઈ-બહેનના સ્નેહની વાર્તાઓ પ્રદર્શિત કરતો 'પાત્ર શોધ અને પરિચય' કાર્યક્રમ યોજાશે.

આગામી ૫ સપ્ટેમ્બર 'શિક્ષક દિન'ના પર્વે શિક્ષકો પોતે વાંચેલા ઉત્તમ પુસ્તકો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી ×પુસ્તકો આપણા ગુરુ× પ્રવૃત્તિ અંતર્ગત સંવાદ સ્થાપશે. ઓક્ટોબર માસમાં શાળાના બાળકો પુસ્તકોની વાર્તાઓને જીવંત કરતું બાળનાટક તૈયાર કરી 'નાટ્ય મહોત્સવ' ઉજવશે. બાળકોમાં વાચન અંગે તંદુરસ્ત સ્પર્ધાત્મકતા જાગે તે માટે દર ત્રણ મહિને સૌથી વધુ પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીને 'વાચન એમ્બેસેડર' જાહેર કરી પ્રાર્થનાસભામાં સન્માનિત કરવામાં આવશે. શાળાના પુસ્તકાલયમાં અદ્યતન સામયિકો અને વર્તમાનપત્રો આવે તે માટે દાતાઓનો સહયોગ પણ મેળવવામાં આવી રહ્યો છે. મહેસાણા જિલ્લાની સરકારી શાળાઓની આ શૈક્ષણિક ક્રાંતિ અને જનભાગીદારીનો અનોખો પ્રયોગ આજે સમગ્ર ગુજરાત માટે એક પથદર્શક અને અનુકરણીય ઉદાહરણ બન્યો છે.

# ઝેરમુક્ત અન્ન અને ખર્ચમુક્ત ખેતીઃ જીવામૃતના ઉપયોગથી કૃષિ ક્ષેત્રે આવશે આત્મનિર્ભરતાનો નવો યુગ

આજના આધુનિક યુગમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશક દવાઓના બેફામ વપરાશને કારણે જમીનની ફળદ્રુપતા દિન-પ્રતિદિન ઘટી રહી છે, ત્યારે ખેડૂતો હવે ટકાઉ અને ઝીરો બજેટ ગણાતી 'પ્રાકૃતિક કૃષિ' તરફ ઝડપથી વળી રહ્યા છે. ગાય આધારિત આ ખેતી પદ્ધતિ માત્ર જમીન અને માનવ સ્વાસ્થ્યની રક્ષા જ નથી કરતી, પરંતુ ખેતી ખર્ચ શૂન્યની નજીક લાવીને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

પ્રાકૃતિક ખેતીના મુખ્ય ચાર સ્તંભોમાં 'જીવામૃત' અને 'આચ્છાદન (સ્ક્રજરૈહસ્ર)' સૌથી અસરકારક પરિણામો આપે છે. દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, કઠોળના લોટ અને વડ કે સેઢાની શુદ્ધ માટીના મિશ્રણથી તૈયાર થતું જીવામૃત જમીનમાં કરોડો હિતકારક બેક્ટેરિયા પેદા કરે છે. આ જીવાણુઓ હવામાં રહેલા નાઈટ્રોજન અને જમીનમાં અદ્રશ્ય પોષક તત્વોને છોડ સુધી પહોંચાડે છે. આ સાથે જ્યારે ખેતરમાં પાકના અવશેષો કે સૂકા પાંદડાનું આચ્છાદન કરવામાં આવે છે, ત્યારે જમીનનો ભેજ લાંબો સમય જળવાઈ રહે છે. જેના કારણે વાપ્સા (નમી) ની સ્થિતિ સર્જાય છે અને સિંચાઈના પાણીમાં ૬૦ થી ૭૦ ટકા જેટલી મોટી બચત થાય છે.

કેમિકલયુક્ત દવાઓથી નિષ્ક્રિય થઈ ગયેલા જમીનના સાચા મિત્ર એવા અળસિયાને પ્રાકૃતિક ખેતી ફરી જીવંત કરે છે. આચ્છાદન અને જીવામૃતના નિયમિત ઉપયોગથી અળસિયા જમીનને અંદરથી છિદ્રાળુ અને નરમ બનાવે છે, જે કુદરતી રીતે જ હળ ચલાવવાનું (ખેડ કરવાનું) કામ કરે છે. આ સિવાય, ચોમાસા આધારિત કે મર્યાદિત પિયતવાળા વિસ્તારો માટે 'ઘન જીવામૃત' આશીર્વાદરૂપ સાબિત થયું છે. તે જમીનમાં સેન્દ્રિય કાર્બનનું પ્રમાણ વધારે છે, જેનાથી જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા મજબૂત બને છે અને પાકની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે.

પ્રાકૃતિક કૃષિમાં એકસાથે મુખ્ય પાક સાથે કઠોળ કે અન્ય સહ-પાક લેવાની 'મિશ્ર પાક પદ્ધતિ' અપનાવવામાં આવે છે. આ પદ્ધતિ જમીનની ફળદ્રુપતા વધારવાની સાથે ખેડૂતને આર્થિક નુકસાન સામે સુરક્ષા કવચ પૂરું પાડે છે. બજારમાંથી મોંઘા ખાતરો કે જંતુનાશકો ખરીદવાના ન હોવાથી ઉત્પાદન ખર્ચ બિલકુલ ઘટી જાય છે. વર્તમાન સમયમાં ગ્રાહકોમાં પણ સાત્વિક અને ઝેરમુક્ત અનાજ-શાકભાજીની માંગ સતત વધી રહી છે, જેથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને બજારમાં તેમના ઉત્પાદનોના વધુ ભાવ મળી રહ્યા છે. આમ, આ નૂતન કૃષિ પદ્ધતિ દેશી ગાયના સંવર્ધન સાથે ખેડૂતો માટે સાચા અર્થમાં આર્થિક સમૃદ્ધિનો નવો સૂર્યોદય લઈને આવી છે.

# મહેસાણા સાંસદ હરિભાઈ પટેલના સતત પ્રયાસોને મળી સફળતાઃ કડી—બહુચરાજી—રણુજ બ્રોડગેજ રેલવે લાઇન પર પેસેન્જર ટ્રેન દોડાવવાનો માર્ગ મોકળો

ઉત્તર ગુજરાતના લાખો નાગરિકો, બહુચરાજી માતાજીના શ્રદ્ધાળુઓ તેમજ વેપારીઓ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. કડી—બેચરાજી—રણુજ બ્રોડગેજ રેલવે લાઇન પર પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરવા માટે રેલવે સેફ્ટી કમિશનર (CRS) દ્વારા અંતિમ સુરક્ષા મંજૂરી આપવામાં આવી છે. બેચરાજી વિધાનસભાના ધારાસભ્ય સુખાજી ઠાકોર ", સ્થાનિક આગેવાનો અને લોકમાગણીઓને ધ્યાને રાખી મહેસાણા લોકસભાના સાંસદ હરિભાઈ પટેલની આ અસરકારક રજૂઆત સૌ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

સાંસદ હરિભાઈ પટેલે કેન્દ્ર સરકાર અને રેલવે મંત્રાલય સમક્ષ વારંવાર રજૂઆતો કરીને આ પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા માટે સતત અનુસરણ કર્યું હતું. જેના પરિણામે હવે આ રેલવે લાઇન પર ટૂંક સમયમાં પેસેન્જર ટ્રેન સેવા શરૂ થવાનો માર્ગ સંપૂર્ણપણે મોકળો બન્યો છે.

આ નવી રેલવે સેવા શરૂ થતાં બહુચરાજી માતાજીના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓને વધુ ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો લાભ મળશે. સાથે જ મહેસાણા, કડી, બહુચરાજી અને આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ અને રોજિંદા મુસાફરોને પણ સીધો લાભ મળશે. વેપાર-ઉદ્યોગ, પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ મળશે તેમજ ઉત્તર ગુજરાતના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે.

આ પ્રસંગે સાંસદ હરિભાઈ પટેલે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, પશ્ચિમ રેલવે, રેલવે સેફ્ટી કમિશનર (CRS), અમદાવાદ રેલવે ડિવિઝનના અધિકારીઓ અને સમગ્ર રેલવે ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાંસદ હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે, ×આ માત્ર નવી રેલવે લાઇન નહીં પરંતુ ઉત્તર ગુજરાતના વિકાસ, રોજગાર, વેપાર અને યાત્રાધામોના વિકાસ માટેનું એક ઐતિહાસિક સોપાન છે. આગામી સમયમાં પણ વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશ.×

ઉત્તર ગુજરાતના નાગરિકો માં આ નિર્ણયને લઈને આનંદની લાગણી જોવા મળી રહી છે અને લોકો દ્વારા સાંસદ હરિભાઈ પટેલના પ્રયાસોને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# સમી હાઇવે પર ગોઝારો અકસ્માતઃ અંતિમવિધિમાંથી પરત ફરતા મિત્રોને એસ.ટી.બસે અડફેટે લેતા એકનું કમકમાટીભર્યું મોત

પાટણ જિલ્લાના સમી તાલુકામાં આજે એક અત્યંત કરુણ અને ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. અંતિમવિધિના કાર્યક્રમમાંથી પરત ફરી રહેલા બે મિત્રોની બાઈકને પૂરપાટ ઝડપે આવી રહેલી એસ.ટી. બસે ઓવરટેક કરવાના પ્રયાસમાં અડફેટે લેતા એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

ગોચનાદ ગામના રહેવાસી વિશાલ બિજલભાઈ ઠાકોર અને તેમના મિત્ર સમીરશા મુસ્તુફાશા ફકીર રાધનપુર ખાતે એક વ્યક્તિની અંતિમવિધિમાં હાજરી આપીને મોટરસાયકલ (નંબર જીજે-૨૪-બીએ-૦૭૫૪) પર પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન, રાધનપુર-મહેસાણા હાઈવે પર શબ્દલપુરા પાટીયા પાસે પહોંચતા પાછળથી આવી રહેલી રાધનપુર-અમદાવાદ રૂટની એસ.ટી. બસ (નંબર જીજે-૧૮-ઝેડટી-૧૨૧૪) ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી મોટરસાયકલને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો.

સામેથી અન્ય વાહન આવતું હોવાથી બસ ચાલકે બસને મોટરસાયકલ તરફ દબાવી દીધી હતી, જેના કારણે મોટરસાયકલ રોડની કિનારી પર સ્લીપ ખાઈ ગયું હતું. આ ભયાનક અકસ્માતમાં મોટરસાયકલ ચલાવી રહેલા સમીરશા રોડ પર પટકાયા હતા અને બસનું આગળનું ટાયર તેમના માથા પરથી ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. પાછળ બેઠેલા વિશાલ ઠાકોર રોડની સાઈડમાં ફેંકાતા તેમને હાથ, પગ અને પાંસળીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જ્યા બાદ બસના ચાલક અને કંડક્ટરે માનવતા નેવે મૂકીને બસ ઘટનાસ્થળે જ છોડી દીધી હતી અને ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત વિશાલે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચેલી ટીમે મૃતક સમીરશાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સમી સરકારી દવાખાને ખસેડ્યો હતો અને ઘાયલ વિશાલને સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડ્યો હતો.

આ સમગ્ર મામલે વિશાલ ઠાકોરની ફરિયાદના આધારે સમી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ હરજીભાઈ નાણેચાએ એસ.ટી. બસના ચાલક વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની વિવિધ કલમો તેમજ મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત બાદ બસ ચાલકની શોધખોળ તેજ કરવામાં આવી છે. એક હસતા-રમતા યુવકના અકાળે મોતથી ગોચનાદ ગામ અને પરિવારમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે.

Volume : 12 Issue : 91, Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002